| | | | |
|---|---|---|---|
| **Received on :** | ૧૯-૦૨-૨૦૨૬ | | |
| **Registered on :** | ૧૯-૦૨-૨૦૨૬ | | |
| **Decided on :** | ૧૩-૦૩-૨૦૨૬ | | |
| **Duration :** | **Year** | **Month** | **Days** |
| | ૦૦ | ૦૦ | ૨૨ |

# દિયોદર ના મહે. એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, દિયોદર, જી. બનાસકાંઠા

આંક.____.

## ક્રિમીનલ કેસ નંબર. ૨૮૦/૨૦૨૬

**ફરીયાદી :-** શ્રી સરકાર
(અશ્ર્વીનભાઇ શાંતીભાઇ પરમાર)

**વિરૂધ્ધ**

**આરોપીઓ :-**
૧. માનસુંગભાઇ કરમશીભાઇ પરમાર (અ.જા)
૨. ભાવેશભાઇ માનસુંગભાઇ પરમાર (અ.જા)

બંને રહેવાસી. જાલોઢા, તા. દિયોદર,
જી. વાવ-થરાદ.

**બાબત :** ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૧૧૫(૨), ૨૯૬(૨) અને ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ મુજબ નો ગુનો

---

સરકાર તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી. એસ. આર. બ્રાહમણ
આરોપીઓ તરફે વિધ્વાન વકીલ શ્રી. સી. એચ. સોલંકી

---

## -: જ જ મે ન્ટ :-

૧. ફરીયાદપક્ષની ટુંકમાં હકીકત એવી છે કે તારીખ ૦૯.૦૧.૨૦૨૬ ના રોજ કલાક ૧૬.૦૦ વાગ્યાના સુમારે મોજે જાલોઢા, તા. દિયોદર ગામે આ કામના આરોપી નં.૧ નાએ ફરીયાદીના ઘરે આવી પાણીના બોરના વારાનું મનદુઃખ રાખી આ કામના ફરીયાદીના ભાઇ ગીરીશને જેમતેમ બોલતા ફરીયાદીના ભાઇ સાહેદ ગીરીશભાઇએ જેમતેમ બોલવાની ના પાડતા બંને આરોપીઓએ ઉશ્કેરાઇ જઇ ફરીયાદીના સભ્યોને ભુંડી ગાળો બોલતા, ફરીયાદીના માતા ગીતાબેને ગાળો બોલવાની ના પાડતા આરોપીઓએ ફરીયાદીના માતા ગીતાબેનને ગડદાપાટુનો માર મારી નીચે પાડી દીધેલ અને બાદમાં સાંજના સમયે આરોપી નં.૨ નાએ ફરીયાદી તથા અન્ય સભ્યોને ગાળો બોલી ધોકા વડે બોરને લગાવેલ તેઓની પાઇપ તથા હાઇડ્રોને ધોકા મારી આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી મે. જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રી, વાવ-થરાદ ના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી આરોપીઓએ ગુનો કરેલ હોવા બાબતની ફરીયાદ ફરીયાદી અશ્વીનભાઇ શાંતીભાઇ પરમાર નાઓએ દિયોદર પોલીસ સ્ટેશનમાં દાખલ કરાવતા પોલીસે ગુના રજીસ્ટર નં. પાર્ટ એ ૧૧૯૯૬૦૦૩૨૬૦૦૧૫/૨૦૨૬ થી ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૧૧૫(૨), ૨૯૬(૨) અને ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ અન્વયેનો ગુનો નોંધેલ છે. ત્યારબાદ તપાસ કરનાર અમલદારે આરોપીઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ ૩૫(૩) ની જોગવાઇઓ મુજબ નોટીસ આપી ગુનાની તપાસના કામે બોલાવી ચાર્જશીટ થયેથી કોર્ટમાં હાજર રહેવા સમજ કરેલ અને ત્યારબાદ આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા હોઇ તેઓ વિરૂધ્ધનું હાલનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

૨. આ કામે આરોપીઓને સમન્સની બજવણી થયેથી આરોપીઓ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ હોવાની ખાત્રી કરવામાં આવેલ અને ત્યારબાદ આ કામે આંક ૫ થી આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામું ફરમાવતા આંક ૬ અને આંક ૭

ના નિવેદનોથી આરોપીઓએ ગુનાનો ઇન્કાર કરતા આરોપીઓ વિરૂધ્ધ ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

૩. આ કામે ટ્રાયલ દરમ્યાન ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબના મૌખીક અને દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

–:: મૌ ખી ક પુ રા વો ::–

- આંક ૮ થી ફરીયાદી અશ્વીનભાઇ શાંતીભાઇ પરમાર ની જુબાની
- આંક ૧૦ થી સાહેદ ગીરીશભાઇ શાંતીભાઇ પરમાર ની જુબાની
- આંક ૧૧ થી સાહેદ ગીતાબેન શાંતીભાઇ પરમાર ની જુબાની
- આંક ૧૨ થી સાહેદ વાલીબેન કરમશીભાઇ પરમાર ની જુબાની
- આંક ૧૩ થી સાહેદ સોનલબેન શાંતીભાઇ પરમાર ની જુબાની
- આંક ૧૪ થી સાહેદ કરમશીભાઇ ઓખાભાઇ પરમાર ની જુબાની

–:: દ સ્તા વે જી પુ રા વો ::–

- આંક ૯ થી અસલ ફરીયાદ
- આંક ૧૫ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું
- આંક ૧૬ થી મુદદામાલ ડી.વી.ડી. કબજે કર્યા અંગેનું પંચનામું
- આંક ૧૭ થી મુદદામાલ હથીયાર કબજે કર્યા અને આરોપીઓની શરીરસ્થિતી અંગેનું પંચનામું
- આંક ૧૮ થી જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ શ્રી, વાવ-થરાદ નાઓના હથીયારબંધીના જાહેરનામાની નકલ

આ કામે પુરતી અને વ્યાજબી તકો આપવામાં આવેલ હોવા છતાં ફરીયાદપક્ષ તરફે અન્ય કોઇ સાહેદો હાજર રહેલ નથી અને ત્યારબાદ ફરીયાદી અને સાહેદોએ આંક ૧૯ થી પુરાવો બંધ કરવાની અને આ કામમાં કોઇ વધુ મૌખીક કે લેખીત પુરાવો આપવો નથી તેમ પુરશીશ થી જાહેર કરતા

ફરીયાદપક્ષનો પુરાવો રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ ૩૫૧ અન્વયેનું આરોપીઓનું વધારાનું નિવેદન લેતા આરોપીઓએ તમામ હકીકતોનો સ્પષ્ટ ઇન્કાર કરી તેમના વિરૂધ્ધ ખોટો કેસ કરેલ હોવાની અને તેઓ નિર્દોષ હોવાની હકીકત જણાવેલ છે. આરોપીઓએ કોઇ બચાવના સાહેદો તપાસેલ નથી કે તેઓએ જાતે પણ સોગંદ ઉપર જુબાની આપેલ નથી.

૪. ત્યારબાદ સરકાર તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી. એસ. આર. બ્રાહમણ તથા આરોપીઓ તરફે વિધ્વાન વકીલ શ્રી. સી. એચ. સોલંકી ની દલીલો સાંભળી.

૫. ફરીયાદપક્ષના કેસની હકીકત તથા રેકર્ડ ઉપરના પુરાવાને ધ્યાનમાં લેતાં આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદદાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ નિશંકપણે સાબીત કરે છે કે તારીખ ૦૯.૦૧.૨૦૨૬ ના રોજ કલાક ૧૬.૦૦ વાગ્યાના સુમારે મોજે જાલોઢા, તા. દિયોદર ગામે આ કામના આરોપી નં.૧ નાએ ફરીયાદીના ઘરે આવી પાણીના બોરના વારાનું મનદુ:ખ રાખી આ કામના ફરીયાદીના ભાઇ ગીરીશને જેમતેમ બોલતા ફરીયાદીના ભાઇ સાહેદ ગીરીશભાઇએ જેમતેમ બોલવાની ના પાડતા બંને આરોપીઓએ ઉશ્કેરાઇ જઇ ફરીયાદીના સભ્યોને ભુંડી ગાળો બોલતા, ફરીયાદીના માતા ગીતાબેને ગાળો બોલવાની ના પાડતા આરોપીઓએ ફરીયાદીના માતા ગીતાબેનને ગડદાપાટુનો માર મારી નીચે પાડી દીધેલ અને બાદમાં સાંજના સમયે આરોપી નં.૨ નાએ ફરીયાદી તથા અન્ય સભ્યોને ગાળો બોલી ધોકા વડે બોરને લગાવેલ તેઓની પાઇપ તથા હાઇડ્રોને ધોકા મારી આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી મે. જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રી, વાવ-થરાદ ના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી આરોપીઓએ ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૧૧૫(૨), ૨૯૬(૨) અને ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

૬. ઉપરોક્ત મુદદાઓના મારા નિર્ણયના કારણો અને તારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

-: ***કા ર ણો*** :-

***મુદદા નંબર ૧*** :-

૭. મુદદા નંબર ૧ નું સ્વરૂપ તથા હાલના આરોપીઓ વિરૂધ્ધના આક્ષેપીત ગુનાના આક્ષેપના સ્વરૂપને ધ્યાને લેતા તથા આરોપીઓ સામેના આક્ષેપીત ગુનાની જોગવાઇઓના હાર્દને જોતા હાલના આક્ષેપ મુજબનો બનાવ બનવા પામેલ હોય તેવી બાબત પુરતા અને નિશંક પુરાવાથી પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષના શીરે રહેલ છે. સદરહુ કામે પુરાવાનું મુલ્યાંકન કરતા પહેલાં અત્રે ઉલ્લેખનીય છે કે, ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત અનુસાર આરોપીઓ વિરૂધ્ધનો ગુનો જ્યાં સુધી નિશંકપણે પુરવાર ન થાય ત્યાં સુધી આરોપીઓ નિર્દોષ છે તેવું કાયદાનું અનુમાન છે અને સાથે સાથે એક એવું પણ અનુમાન હોય છે કે જે સાહેદ કોર્ટ સમક્ષ સોગંદ ઉપર પુરાવો આપે છે તે સત્ય હકીકત જણાવે છે. પુરાવાનું મુલ્યાંકન કરવા અંગેની કાયદામાં કોઇ માર્ગદર્શન આપવામાં આવેલ નથી પરંતુ દરેક કેસના અને હકીકતોના સંદર્ભે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવાનું રહેલ છે અને પાયાના સુસ્થાપીત સિધ્ધાંતોને ધ્યાને લઇને આ કામે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

૮. આ કામે ફરીયાદપક્ષ ધ્વારા આરોપીઓ વિરૂધ્ધ મુકવામાં આવેલ તહોમત મુજબ, આ કામના આરોપી નં.૧ નાએ ફરીયાદીના ઘરે આવી પાણીના બોરના વારાનું મનદુઃખ રાખી કામના ફરીયાદીના ભાઇ ગીરીશને જેમતેમ બોલેલ હોવાની અને સાહેદ ગીરીશભાઇએ જેમતેમ બોલવાની ના પાડતા બંને આરોપીઓએ ઉશ્કેરાઇ ગયેલ હોવાની અને સદર બંને આરોપીઓએ ફરીયાદીના સભ્યોને ભુંડી ગાળો બોલેલ હોવાની તેમ જ ફરીયાદીના માતા ગીતાબેને ગાળો

બોલવાની ના પાડતા આરોપીઓએ ફરીયાદીના માતા ગીતાબેનને ગડદાપાટુનો માર મારી નીચે પાડી દીધેલ હોવાની તથા ત્યારબાદ સાંજના સમયે આરોપી નં.૨ નાએ ફરીયાદી તથા અન્ય સભ્યોને ગાળો બોલેલ હોવાની તેમ જ આરોપી નં.૨ નાએ ધોકા વડે બોરને લગાવેલ પાઇપ તથા હાઇડ્રોને ધોકા મારેલ હોવાની અને આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરેલ હોવાની અને આરોપીઓએ મે. જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રી, વાવ-થરાદ ના જાહેરનામાનો ભંગ કરેલ હોય તેવી ફરીયાદની તમામ આવશ્યક બાબતો ફરીયાદપક્ષે નિશંકપણે પુરવાર કરવી જોઇએ.

૯. આ કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે મહત્વના સાહેદ ફરીયાદી અશ્વીનભાઇ શાંતીભાઇ પરમાર ને આંક ૮ થી સોગંદ ઉપર તપાસેલ છે અને તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં બનાવ તારીખ ૦૯.૦૧.૨૦૨૬ ના રોજ કલાક ૧૬.૦૦ વાગે તેમના સંયુકત માલીકીના ખેતરમાં બનાવેલ બોર પાસે બનેલ હોવાનું જણાવી તે સમયે તેઓને તેમના કુટુંબી માનસુંગભાઇ કરમશીભાઇ પરમાર અને ભાવેશભાઇ માનસુંગભાઇ પરમાર નાઓ સાથે સામાન્ય બાબતે સામાન્ય બોલાચાલી થયેલી અને હોબાળો સાંભળી ઘણા માણસોનું ટોળું ભેગું થઇ ગયેલ અને ટોળામાં હોહા નાસભાગ અને ધકકામુકકી થવાના કારણે કોણ શું બોલતું હતું તે સંભળાતું કે સમજાતું ન હોવાનું જણાવી ટોળાની ધકકામુકકી અને નાસભાગમાં ગીતાબેન નીચે પડી જતા તેઓને સામાન્ય ઇજાઓ થયેલી અને ઇજા સબંધે તેઓએ કોઇએ સારવાર કરાવેલ નહી અને તે સીવાય બીજું કાંઇ બનેલ ન હોવાનું જણાવી તે બનાવ બાબતે તેઓએ દિયોદર પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરીયાદ આપેલ હોવાની હકીકત જણાવેલ છે અને તે ફરીયાદ આ કામે આંક ૯ થી રજુ કરેલ છે, તે વંચાણે લીધેલ છે. આ કામે ખુદ ફરીયાદીએ પોતાની ફરીયાદની હકીકતને સમર્થન આપેલ ન હોઇ, તેઓને ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ. ત્યારબાદ વિધ્વાન એ.પી.પી. શ્રી તરફેની ઉલટતપાસમાં પણ ફરીયાદી પોતાની સરતપાસ મુજબની હકીકતોને વળગી રહેલ છે અને તેઓએ તેમની ફરીયાદમાં "મારા નાના ભાઇ ગીરીશનો ફોન મારા ઉપર આવેલ અને કહેલ કે તું કયાં છે જેથી મેં કહેલ કે હું ભીલડી છું જેથી તેણે કહેલ આપણા મોટા બાપાનો દિકરો ભાવેશભાઇ માનસુંગભાઇ પરમાર આપણા ઘરે આવી ગાળો બોલી ઝઘડો કરી તોડફોડ કરે છે જેથી મેં તેઓને કહેલ તમે કોઇ બોલતા નહી અને મોબાઇલમાં વિડીયો ઉતારો અને બાદમાં હું સાંજના છએક વાગ્યે

મારા ઘરે ગયેલો અને મેં મારા ભાઇ ગીરીશને પુછતાં તેણે કહેલ કે આજરોજ હું તથા માતા ગીતાબેન તથા દાદીમા વાલીબેન કરમશીભાઇ તથા દાદા કરમશીભાઇ ઓખાભાઇ તથા બહેન સોનલબેન આપણા ઘરે બેઠા હતા ત્યારે ચારેક વાગ્યાના અરસામાં ભાવેશભાઇ આપણા ઘરે આવેલ અને પાણીના બોરના વારાના ભાગેનું મનદુ:ખ રાખી મને જેમતેમ બોલવા લાગેલ જેથી મેં તેને જેમતેમ બોલવાની ના પાડતા તે એકદમ ઉશ્કેરાઇ ગયેલ અને અમો બધાને માબેન સામી ના સાંભળી શકાય તેવી ભુંડી ગાળો બોલવા લાગેલ અને તેવામાં માતા ગીતાબેને તેને ગાળો બોલવાની ના પાડતા ભાવેશે માતા ગીતાબેનને ગડદાપાટુનો માર મારી ધકકો મારી નીચે પાડી દીધેલ અને બાદમાં તેને ત્યાંથી એક ધોકો લઇ ગાળો બોલતો બોલતો તેણે ધોકા વડે બોરને લગાવેલ તેઓની પાઇપ તથા હાઇડ્રોને ધોકા મારી અમોને ગાળો બોલતો બોલતો તેના ઘરે જતો રહેલ તેવી વાત કરેલી અને સાંજના સાડા આઠેક વાગ્યાના અરસામાં અમો બધા ઘરના સભ્યો ઘરે હાજર હતા તે સમયે આ ભાવેશભાઇ ના પિતા માનસુંગભાઇ કરમશીભાઇ તેઓના ઘરે આવેલા અને ભાવેશે જે ઝઘડો કરેલ તેને કેવાના બદલે હાથમાં ધોકો લઇ બોર નજીક આવી અમોને જેમતેમ ગાળો બોલવા લાગેલા જેથી અમોએ ૧૧૨ માં ફોન કરેલ અને ૧૧૨ પોલીસ અમારા ઘરે આવેલા અને સામાવાળાને સમજાવી ઘરે મોકલેલ અને અમોને ફરીયાદ આપવાની સમજ કરેલી જેથી આજરોજ હું તથા લીલાભાઇ આલાભાઇ પરમાર તથા ભરતભાઇ આલાભાઇ પરમાર નાઓને સાથે લઇ આવી દિયોદર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ આપવા આવેલ છું જેથી આ બંને લોકો વિરૂધ્ધ ધોરણસર તપાસ થવા મારી ફરીયાદ છે" તેવી હકીકતો લખાવેલ હોવાનો સ્પષ્ટ ઇન્કાર કરેલ છે. બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં પણ સદર સાહેદ ફરીયાદીએ આ કામે ફરીયાદ તેમની સાથેના માણસોએ લખાવેલ જે ફરીયાદ તેઓએ વાંચ્યા કે  સાંભળ્યા સિવાય તેમાં તેમની સહી કરેલ અને બનાવ સમયે આરોપીઓએ ગાળો બોલી ધમકીઓ આપી હાથમાં ધોકા ધારણ કરી ધોકા વડે વડે માર મારી વ્યથા પહોંચાડેલ હોય તેવો કોઇ બનાવ બનેલ ન હોવાની હકીકત સ્પષ્ટ જણાવેલ છે. આમ મહત્વના સાહેદ ખુદ ફરીયાદીએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં પોતાની ફરીયાદની હકીકતોથી તદદન વિરોધાભાસી હકીકતો જણાવેલ છે અને પોતાની ફરીયાદની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ ન

હોઇ, ખુદ મહત્વના સાહેદ ફરીયાદીની સોગંદ ઉપરની જુબાનીથી ફરીયાદની હકીકત પ્રસ્થાપીત થયેલ નથી.

૧૦. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે અન્ય સાહેદ ગીરીશભાઇ શાંતીભાઇ પરમાર ને આંક ૧૦ થી અને સાહેદ ગીતાબેન શાંતીભાઇ પરમાર ને આંક ૧૧ થી તથા સાહેદ વાલીબેન કરમશીભાઇ પરમાર ને આંક ૧૨ થી તેમ જ સાહેદ સોનલબેન શાંતીભાઇ પરમાર ને આંક ૧૩ થી અને સાહેદ કરમશીભાઇ ઓખાભાઇ પરમાર ને આંક ૧૪ થી સોગંદ ઉપર તપાસેલ છે અને સદર તમામ સાહેદોએ પણ તેમની સોગંદ ઉપરની જુબાનીઓમાં બનાવ તારીખ ૦૯.૦૧.૨૦૨૬ ના રોજ કલાક ૧૬.૦૦ વાગે તેમના સંયુકત માલીકીના ખેતરમાં બનાવેલ બોર પાસે બનેલ હોવાનું જણાવી તે સમયે તેઓને તેમના કુટુંબી માનસુંગભાઇ કરમશીભાઇ પરમાર અને ભાવેશભાઇ માનસુંગભાઇ પરમાર નાઓ સાથે સામાન્ય બાબતે સામાન્ય બોલાચાલી થયેલી અને હોબાળો સાંભળી ઘણા માણસોનું ટોળું ભેગું થઇ ગયેલ અને ટોળામાં હોહા નાસભાગ અને ધકકામુકકી થવાના કારણે કોણ શું બોલતું હતું તે સંભળાતું કે સમજાતું ન હોવાનું જણાવી ટોળાની ધકકામુકકી અને નાસભાગમાં સાહેદ ગીતાબેન નીચે પડી જતા તેઓને સામાન્ય ઇજાઓ થયેલી અને ઇજા સબંધે સાહેદ ગીતાબેને કોઇએ સારવાર કરાવેલ નહી અને તે સીવાય બીજું કાંઇ બનેલ ન હોવાનું જણાવી તે બનાવ બાબતે અશ્વીનભાઇ પરમારે દિયોદર પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરીયાદ આપેલ અને પોલીસે તેમનો જવાબ લીધેલ હોવાની હકીકત જણાવેલ છે. સદર તમામ સાહેદોએ પણ ફરીયાદીની ફરીયાદની હકીકતોને લેશમાત્ર સમર્થન કે અનુમોદન આપેલ ન હોઇ, ફરીયાદપક્ષ તરફે સદર તમામ સાહેદોને પણ ફરી ગયેલ જાહેર કરેલ અને ત્યારબાદ વિધ્વાન એ.પી.પી. શ્રી. તરફે ની ઉલટતપાસમાં પણ સદર તમામ સાહેદો પોતાની સરતપાસમાં જણાવેલ હકીકતોને વળગી રહેલ છે અને ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ વધારાની વિશેષ હકીકત ફરીયાદપક્ષની ઉલટતપાસમાં જણાવેલ નથી. બચાવપક્ષ તરફે પણ સદર તમામ સાહેદોની ઉલટતપાસ કરવામાં આવેલ જેમાં પોલીસે માત્ર તેમનું નામઠામ પુછેલ તે સીવાય બીજી કોઇ હકીકત તેઓએ પોલીસને લખાવેલ ન હોવાની હકીકત જણાવી સદર તમામ સાહેદોએ પણ બનાવ સમયે આ કામના આરોપીઓએ ગાળો બોલી, ધમકીઓ આપી હાથમાં ધોકા ધારણ કરી ધોકા વડે માર મારી વ્યથા પહોંચાડી હોય તેવો કોઇ

બનાવ બનેલ ન હોવાની હકીકત સ્પષ્ટ જણાવેલ છે. આમ, સદર તમામ સાહેદોની જુબાનીઓને પણ ધ્યાને લેવામાં આવે તો સદર તમામ સાહેદોએ પણ ફરીયાદની હકીકતોથી તદદન વિરૂધ્ધ ની હકીકતો પોતાની જુબાનીઓમાં જણાવેલ છે અને તે રીતે સદર તમામ સાહેદોની જુબાનીઓ ઉપરથી પણ આ કામે ફરીયાદની લેશમાત્ર હકીકતો નિશંકપણે પુરવાર થયેલ હોવાનું ફલીત થયેલ નથી. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે અન્ય કોઇ સાહેદોને તપાસવામાં આવેલ ન હોઇ આંક ૧૯ ની પુરશીશના આધારે ફરીયાદપક્ષનો પુરાવો રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ.

૧૧. આ કામે બચાવપક્ષ તરફેથી ગુનાવાળી જ્ગ્યાનું પંચનામું અને મુદદામાલ ડી.વી.ડી. કબજે કરેલ હોવા અંગેનું પંચનામું તેમ જ મુદદામાલ હથીયાર કબજે કરી આરોપીઓની શરીરસ્થિતી અંગેનું પંચનામું તે તમામ પંચનામા કબુલ મંજૂર રાખેલ છે, જે ગુનાવાળી જ્ગ્યાનું પંચનામું આ કામે આંક ૧૫ થી અને મુદદામાલ ડી.વી.ડી. કબજે કરેલ હોવા અંગેનું પંચનામું આંક ૧૬ થી તેમ જ મુદદામાલ હથીયાર કબજે કરી આરોપીઓની શરીરસ્થિતી અંગેનું પંચનામું આંક ૧૭ થી રજુ કરેલ છે, આ તમામ પંચનામા વંચાણે લીધેલ છે. પરંતુ ખુદ ફરીયાદી અને સાહેદોએ તેમની સોગંદ ઉપરની જુબાનીઓમાં તેઓએ કે કોઇએ પણ પોલીસને ગુનાવાળી જ્ગ્યા બતાવેલ હોવાની હકીકત જણાવેલ નથી. વધુમાં ખુદ ફરીયાદી અને સાહેદોએ તેમની જુબાનીઓમાં બનાવ સમયે હોબાળો સાંભળી ઘણા માણસોનું ટોળું ભેગું થઇ ગયેલ અને ટોળામાં હોહા નાસભાગ અને ધકકામુકકી થવાના કારણે કોણ શું બોલતું હતું તે સંભળાતું કે સમજાતું ન હોવાનું જણાવી ટોળાની ધકકામુકકીમાં અને નાશભાગમાં સાહેદ ગીતાબેન શાંતીભાઇ પરમાર નાઓ નીચે પડી જતા તેઓને સામાન્ય ઇજાઓ થયેલ હોવાની સ્પષ્ટતા કરી બનાવ સમયે આ કામના આરોપીઓએ તેમના હાથમાં ધોકાઓ ધારણ કરી, ગાળો બોલી ધમકીઓ આપી ધોકાઓ વડે માર મારી વ્યથા પહોંચાડેલ હોય તેવું બનેલ ન હોવાની સ્પષ્ટતા કરેલ છે. આમ, આ કામના આરોપીઓએ ફરીયાદી અને સાહેદોને ધોકાઓ વડે માર મારેલ હોવાની અને ભુંડી ગાળો બોલેલ હોવાની ફરીયાદની હકીકતોને ખુદ ફરીયાદી અને સાહેદોએ તેમની સોગંદ ઉપરની જુબાનીઓમાં સમર્થન આપેલ ન હોઇ, રજુ થયેલ પુરાવા ઉપર થી ફરીયાદની હકીકતો પુરવાર થયેલ નથી. વધુમાં આ કામે રજુ થયેલ પુરાવા ઉપરથી બનાવ વખતે આરોપીઓ પાસે કોઇ હથીયાર હોય તેવી હકીકત પણ ફરીયાદી કે

સાહેદોએ તેમની સોગંદ ઉપરની જુબાનીઓમાં જણાવેલ ન હોઇ, આ કામે રજુ થયેલ આંક ૧૭ ના મુદદામાલ રીકવરી અંગેના પંચનામાની હકીકતોને પણ ફરીયાદી અને સાહેદોની જુબાનીઓથી સમર્થન મળેલ ન હોઇ અને આ કામે ફરીયાદીએ કે કોઇ સાહેદે પોલીસને ગુનાવાળી જ્ગ્યા બતાવેલ હોય તેવું પણ જણાવેલ ન હોઇ, સદર આંક ૧૫ ના ગુનાવાળી જ્ગ્યાના પંચનામાની હકીકતોને પણ ફરીયાદી અને સાહેદોની જુબાનીઓથી સમર્થન મળેલ નથી. વધુમાં આ કામે ફરીયાદી કે કોઇપણ સાહેદે તેમની સોગંદ ઉપરની જુબાનીઓમાં બનાવ સમયે કોઇએ મોબાઇલ થી વિડીયો ઉતારેલ હોય અને તેની ડી.વી.ડી. બનાવીને પોલીસ સમક્ષ રજુ કરેલ હોય તેવી પણ કોઇ હકીકત જણાવેલ ન હોઇ, સદર આંક ૧૬ ના મુદદામાલ ડી.વી.ડી. કબજે કરેલ હોવા બાબતના પંચનામાની હકીકતોને પણ ફરીયાદી તથા સાહેદોની સોગંદ ઉપરની જુબાનીઓથી સમર્થન મળેલ નથી. વધુમાં બચાવપક્ષ તરફે કબુલ રાખવામાં આવેલ આંક ૧૫ થી આંક ૧૭ સુધીના ગુનાવાળી જ્ગ્યાનું પંચનામું અને મુદદામાલ ડી.વી.ડી. કબજે કરેલ હોવા અંગેનું પંચનામું તેમ જ મુદદામાલ હથીયાર કબજે કરી આરોપીઓની શરીરસ્થિતી અંગેનું પંચનામું તે તમામ પંચનામા તે સાંયોગીક પુરાવા છે. જ્યારે મુખ્ય પુરાવાથી જ ફરીયાદ પક્ષના કેસને સમર્થન મળતું ન હોય ત્યારે સાંયોગીક પુરાવા ઉપર આધાર રાખી આરોપીઓને ગુના સાથે સાંકળી તકસીરવાર ઠરાવી શકાય નહી. જેથી આ સાંયોગીક પુરાવા આધારે પણ આરોપીઓ સામેનો આક્ષેપીત ગુનો પુરવાર થતો નથી.

૧૨. આ કામે બચાવપક્ષ તરફે જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ શ્રી, વાવ-થરાદ નાઓના હથીયારબંધીના જાહેરનામાને કબુલ મંજુર રાખેલ છે, જે હથીયાર બંધીનું જાહેરનામું આ કામે આંક ૧૮ થી રજુ થયેલ છે, જે હથીયારબંધીનું જાહેરનામું વંચાણે લીધેલ છે. સદર આંક ૧૮ ના જાહેરનામાને ધ્યાને લેવામાં આવે તો સદર જાહેરનામું શ્રી. જે. એસ. પ્રજાપતી, જીલ્લા મેજીસ્ટ્રેટ, વાવ-થરાદ નાઓએ તારીખ ૨૬.૧૨.૨૦૨૫ ના રોજ ગુજરાત પોલીસ અધિનીયમ ની કલમ ૩૭(૧) મુજબનું હથીયાર અંગેનું જાહેરનામું બહાર પાડેલ જેનો જાહેરનામા નંબર એમએજી/જાના-૩૫/વશી/૧૪૪૫ થી ૧૪૬૩/૨૦૨૫ નો હોવાનું અને તે જાહેરનામું તારીખ ૨૬.૧૨.૨૦૨૫ થી તારીખ ૦૯.૦૧.૨૦૨૬ ના દિવસો પુરતુ અમલમાં હતું તેમ જણાઇ આવે છે. હાલના ફરીયાદ મુજબનો બનાવ તારીખ ૦૯.૦૧.૨૦૨૬ ના રોજ બનેલ છે અને તે સંજોગોમાં સદર

ફરીયાદ મુજબના બનાવ સમયે આંક ૧૮ નું હથીયારબંધીનું જાહેરનામું અમલમાં હોવાનું સ્પષ્ટ જણાઇ આવે છે. પરંતુ આ કામે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદ ફરીયાદી અને સાહેદોએ બનાવ વખતે હાલના આરોપીઓએ હાથમાં ધોકાઓ ધારણ કરેલ હોય તેવી કોઇ હકીકત જણાવેલ નથી. વધુમાં આ કામે સદર સાહેદ ફરીયાદી તથા સાહેદોએ પણ તેમની સોગંદ ઉપરની જુબાનીઓમાં બનાવ સમયે હાલના આરોપીઓ પાસે લાકડાના ધોકા હોવાની અને આરોપીઓએ ફરીયાદી અને સાહેદોને ધોકાઓ વડે માર મારી વ્યથા પહોંચાડેલ હોય કે આરોપીઓએ ધોકા વડે બોરને લગાવેલ પાઇપ તથા હાઇડ્ડોને ધોકા મારેલ હોય તેવું બનેલ ન હોવાની સ્પષ્ટતા કરેલ છે. આમ આ કામે ફરીયાદપક્ષ તરફે રજુ કરેલ આંક ૧૮ નું હથીયારબંધીનું જાહેરનામું ફરીયાદ મુજબના કહેવાતા બનાવ સમયે અસ્તીત્વમાં હતું પરંતુ આ કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવા ઉપરથી કહેવાતા બનાવ સમયે હાલના આરોપીઓના કબજામાં મુદદામાલ લાકડાના ધોકા હોય અને તેના વડે આરોપીઓએ ફરીયાદી અને સાહેદોને માર મારેલ હોય કે આરોપીઓએ બોરને લગાવેલ પાઇપ તથા હાઇડ્ડોને ધોકા મારેલ હોય તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોઇ, ફરીયાદ મુજબના કહેવાતા બનાવ સમયે આ કામના આરોપીઓ પાસે કોઇ હથીયાર હોય તેવી કોઇ હકીકત ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોવાનું જણાઇ આવે છે.

૧૩. આ કામે ગુનાના આવશ્યક તત્વોને ધ્યાને લેવામાં આવે તો ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૧૧૫(૨) ના ગુના માટે આરોપીઓએ ભોગ બનનારને શારીરીક પીડા, રોગ અથવા અશકિત નિપજાવેલ હોય અને આવી ઇજા પહોંચાડવાનો આરોપીઓનો ઇરાદો હોય અને તેને વ્યથા થાય તેવો સંભવ હોવાનું જાણતા હોવા છતાં સ્વેચ્છાપુર્વક ઇજા પહોંચાડવામાં આવેલ હોય. હાલના કેસની હકીકતોને ધ્યાને લેવામાં આવે તો આ કામે ખુદ ફરીયાદી અને સાહેદોએ તેમની જુબાનીઓમાં આરોપીઓએ ફરીયાદી અને સાહેદોને ભુંડી ગાળો આપેલ હોય કે આરોપીઓએ સાહેદ ગીતાબેનને ગડદાપાટુ વડે માર મારેલ હોય કે આરોપીઓએ બોરને લગાવેલ પાઇપ તથા હાઇડ્ડોને ધોકા મારેલ હોય તેવી ફરીયાદની હકીકતોથી તદદન વિરૂધ્ધની હકીકતો જણાવેલ છે અને વધુમાં આ કામે ખુદ ફરીયાદી અને સાહેદોએ તેમની જુબાનીઓમાં આરોપીઓએ સાહેદોને કોઇ ઇજાઓ પહોંચાડેલ હોવાનો સ્પષ્ટ ઇન્કાર કરેલ હોઇ આ કામે આરોપીઓનો સાહેદોને ઇજા

કરવાનો ઇરાદો કે આરોપીઓએ તેઓને સ્વેચ્છાપુર્વક કોઇ ઇજા પહોંચાડેલ હોય કે આરોપીઓએ જ સાહેદ ગીતાબેનને ગડદાપાટુ વડે માર મારેલ હોય કે આરોપીઓએ ધોકા ધારણ કરી આરોપીઓએ બોરને લગાવેલ પાઇપ તથા હાઇડ્રોને ધોકા મારેલ હોય તેવી હકીકત રેકર્ડ ઉપર લાવવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ નીવડેલ હોવાનું સ્પષ્ટ રીતે પ્રસ્થાપીત થયેલ છે.

૧૪. આ કામે આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદી અને સાહેદોને ભુંડી ગાળો આપેલ હોવાના આક્ષેપ અંગેના આવશ્યક તત્વો બાબતે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદો તથા તેઓની ઉલટતપાસ અને રેકર્ડ ઉપરના પુરાવા તથા ઉભયપક્ષની દલીલોનું એક સાથે મુલ્યાંકન કરવામાં આવે તો એ હકીકત નિશંકપણે સાબીત થતી નથી કે આ કામના આરોપીઓએ ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૨૯૬(૨) મુજબનો ગુનો આચરેલ હોય કારણ કે આ કામે ખુદ ફરીયાદી અને સાહદોએ તેમની જુબાનીઓમાં આરોપીઓએ ફરીયાદી અને સાહેદોને ભુંડી ગાળો આપેલ હોય અને તે કારણે તેઓને મનમાં ભય ઉભો થયેલ હોય કે તેવી ગાળો આપેલ હોય કે જેથી તેઓનું અપમાન થયેલ હોય અને તેઓ સુલેહ શાંતીનો ભંગ કરવા પ્રેરાયેલ હોય અને તે સંજોગોમાં આ કામના આરોપીઓને ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૨૯૬(૨) હેઠળના ગુનાના આવશ્યક તત્વોના અભાવે તકસીરવાર ઠરાવવા ન્યાયોચીત જણાતું નથી. વધુમાં, આ કામે ફરીયાદપક્ષ ધ્વારા આરોપીઓએ કેવી ગાળો આપેલ તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી અને હાલના કામે ખુદ ફરીયાદી અને સાહેદોએ તેમની જુબાનીઓમાં આરોપીઓએ ફરીયાદી અને સાહેદોને ભુંડી ગાળો આપેલ હોવાની ફરીયાદની હકીકતોનો પણ સ્પષ્ટ ઇન્કાર કરેલ છે અને આ બનાવમાં તેઓને આરોપીઓ સાથે સામાન્ય બાબતે સામાન્ય બોલાચાલી થયેલ અને તે સમયે ઘણા માણસોનું ટોળું ભેગું થઇ ગયેલ અને ટોળામાં હોહા નાસભાગ અને ધકકામુકકી થવાના કારણે કોણ શું બોલતું હતું તે સંભળાતું કે સમજાતું ન હોવાની પણ સ્પષ્ટતા કરેલ હોઇ આરોપીઓએ ફરીયાદી અને સાહેદોને ભુંડી ગાળો આપેલ હોય તેવી કોઇ ફરીયાદની હકીકતો પણ પુરવાર થયેલ નથી. આમ આ કામે રજુ થયેલ પુરાવા ઉપરથી હાલના કિસ્સામાં ફરીયાદી અને સાહેદોનું અપમાન થયેલ હોય અને તેઓ સુલેહ શાંતીનો ભંગ કરવા પ્રેરાયેલ હોય તેવી કોઇ જ હકીકત ફરીયાદ પક્ષ ધ્વારા પ્રસ્થાપીત કરવામાં આવેલ નથી. તે સંજોગોમાં ફરીયાદપક્ષ તરફે રજુ

થયેલ પુરાવા ઉપરથી એવો કોઇ ઠોસ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી કે આરોપીઓને હાલના ગુના અંગે તકસીરવાર ઠરાવી શકાય. આમ, ખુદ ફરીયાદી અને સાહેદોની જુબાનીઓ ઉપરથી ફરીયાદની હકીકતો પુરવાર થયેલ હોવાનું પ્રસ્થાપીત થયેલ ન હોઇ આ કામે રજુ થયેલ પુરાવા ઉપરથી ફરીયાદની લેશમાત્ર હકીકતો પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સદતંર નિષ્ફળ નીવડેલ હોવાનું સ્પષ્ટ જણાઇ આવે છે.

૧૫. આમ આ કામે રજુ થયેલ તમામ પુરાવાઓને ધ્યાને લેવામાં આવે તો એ હકીકત નિર્વિવાદ છે કે આ કામના પક્ષકારો કુટુંબીઓ છે અને સદર પક્ષકારો વચ્ચે સામાન્ય બાબતે સામાન્ય બોલાચાલી થયેલ અને રજુ થયેલ પુરાવા ઉપરથી આ કામના આરોપી નં.૧ નાએ ફરીયાદીના ઘરે આવી પાણીના બોરના વારાનું મનદુઃખ રાખી કામના ફરીયાદીના ભાઇ ગીરીશને જેમતેમ બોલેલ હોવાની અને સાહેદ ગીરીશભાઇએ જેમતેમ બોલવાની ના પાડતા બંને આરોપીઓએ ઉશ્કેરાઇ ગયેલ હોવાની અને સદર બંને આરોપીઓએ ફરીયાદીના સભ્યોને ભુંડી ગાળો બોલેલ હોવાની તેમ જ ફરીયાદીના માતા ગીતાબેને ગાળો બોલવાની ના પાડતા આરોપીઓએ ફરીયાદીના માતા ગીતાબેનને ગડદાપાટુનો માર મારી નીચે પાડી દીધેલ હોવાની તથા ત્યારબાદ સાંજના સમયે આરોપી નં.૨ નાએ ફરીયાદી તથા અન્ય સભ્યોને ગાળો બોલેલ હોવાની તેમ જ આરોપી નં.૨ નાએ ધોકા વડે બોરને લગાવેલ પાઇપ તથા હાઇડ્રોને ધોકા મારેલ હોવાની અને આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરેલ હોવાની અને આરોપીઓએ મે. જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રી, વાવ-થરાદ ના જાહેરનામાનો ભંગ કરેલ હોય તેવી ફરીયાદ મુજબની કોઇપણ હકીકત રેકર્ડ ઉપર લાવવામાં ફરીયાદ પક્ષ સદંતર નીષ્ફળ નીવડેલ છે. ફોજદારી ન્યાયના સિધ્ધાંતો મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ સબળ અને કડીબધ્ધ પુરાવાથી પુરવાર કરવો જોઇએ અને જો પુરાવાની એકપણ કડી તુટતી હોય તો આરોપીઓને ગુના સાથે સાંકળી તકસીરવાર ઠરાવી શકાય નહી. આમ આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા આરોપીઓને ગુના સાથે સાંકળવા પુરતા નથી. જે કાર્યવાહીથી આરોપીઓ પર ગુનાનો આરોપ મુકવામાં આવેલ છે તે નિશંકપણે સાબિત થયેલ નથી અને તે સંજોગોમાં આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપાયેલ સજાને પાત્ર ગુનો કરેલ હોવાનું પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સદતંર નિષ્ફળ નીવડેલ હોઇ શંકાનો લાભ આરોપીઓને મળવાપાત્ર હોઇ

આરોપીઓને સજા થઇ શકે નહી તેમ મારું માનવું છે અને તે સંજોગોમાં મુદદા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદદા નં.૨ સબબ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -: હુકમ :-

આ કામના આરોપીઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ ૨૭૧(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૧૧૫(૨), ૨૯૬(૨) અને ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ મુજબના સજાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ ૪૮૧(૧) ની જોગવાઇઓ મુજબ આરોપીઓએ રૂપીયા ૧૦૦૦૦/- ના જામીન અને તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કર્યેથી હાલના કામે અપીલ સમય દરમ્યાન આરોપીઓને જામીન ઉપર મુક્ત કરવાનો પણ આથી હુકમ કરવામાં આવે છે.

મુદદામાલનો અપીલ સમયબાદ નિયમ મુજબ નાશ કરવો.

આજરોજ તારીખ. ૧૩ મી માર્ચ, ૨૦૨૬ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તારીખ. ૧૩/૦૩/૨૦૨૬

( રાજેન્દ્ર ઘનશ્યામભાઇ બારોટ )
એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
દિયોદર, જી. બનાસકાંઠા
Judge Code : GJ00572